# આચાર્ય એટલે એક વિચારસરણી

હમણાં જ બેચરાજી મુકામે પાટણ જિલ્લા આચાર્યસંઘનું અધિવેશન હતું. જેમાં આચાર્યમિત્રો સામે કરેલ સંબોધનના કેટલાક અંશ અહીં એવા વિશ્વાસ સાથે રજૂ કરું છું કે જે આચાર્યમિત્રોને તેમના શૈક્ષણિક નેતૃત્ત્વને વધુ અસરકારક અને ફાયદાકારક બનાવશે.

કોઇપણ શાળા-કોલેજ જે તે સંસ્થાના આચાર્યની વિચારસરણી મુજબ જ કામ કરતી હોય છે. જેથી તે સંસ્થાનો વિકાસ કે પડતીની જવાબદારી સ્વાભાવિક છે કે જે તે સંસ્થાના આચાર્યની જ હોય છે. કોઇપણ શાળા-કોલેજના આચાર્ય જ્યારે નિવૃત્ત થાય છે ત્યારે હકીકતમાં એક વિચારસરણી કે ફિલોસોફી નિવૃત્ત થાય છે. આ રીતે જોતાં આચાર્ય એટલે કોઇ વ્યક્તિ નથી, પણ જે તે શાળા-કોલેજની વિચારસરણી કે ફિલોસોફી કહી શકાય. કારણ કે તે ફિલોસોફી પ્રમાણે જે તે સંસ્થા ચાલતી હોય છે. કેટલાક ઉત્સાહી આચાર્ય મિત્રો આચાર્ય બનતાં જ જે તે સંસ્થાની કાયાપલટ કરવા કે પરિસ્થિતિ બદલવા ઊંડાણપૂર્વક વિચારણા કરતા હોય છે, તે વિચારણા મુજબ કામ પણ કરતા હોય છે. આમછતાં ઘણીવાર તેમને ધારી સફળતા મળતી નથી. જેથી ક્યારેક દોષનો ટોપલો અન્યના માંથે નાંખી દેતા હોય છે. ઘણીવાર સાંભળવા મળે છે કે, મારે તો શાળા-કોલેજને આગળ લાવવી છે, પરિવર્તન કરવું છે, પણ સ્ટાફ કે સંચાલકોનો સહકાર મળતો નથી વગેરે. અહીં આચાર્ય પરિસ્થિતિ બદલવા માંગે છે, પણ પોતાનો અભિગમ બદલવા માંગતા નથી. જ્યારે પોતાના નિર્ણયો ખોટા પડતા હોય કે સ્ટાફનો સહકાર ન મળતો હોય અને જેના કારણે પરિસ્થિતિ બદલાતી ન હોય ત્યારે આચાર્ય મિત્રોએ પરિસ્થિતિ બદલવા કરતાં પોતાના અભિગમમાં બદલાવ લાવવા પર ધ્યાન આપવું જોઇએ. આમ પરિસ્થિતિ ન બદલી શકાય, પણ પોતાનો અભિગમ તો બદલી શકાય ને ? આ બદલાયેલો અભિગમ જ પરિસ્થિતિને બદલી નાંખશે અને તમને તમારા ધ્યેય સુધી લઇ જશે. જો આમ નહીં કરો તો પરિસ્થિતિ બલવા વલખા મારતા રહેશો અને પરિણામ અસંતોષજનક જ મળશે.

કેટલાક આચાર્ય મિત્રો પોતાની સંસ્થાના વિકાસને ભૌતિક વિકાસ સાથે સાંકળે છે. સંસ્થાનો જેટલો ભૌતિક વિકાસ તેટલો સંસ્થાનો વિકાસ અને મોભો તેમ માનતા હોય છે. હકીકતમાં આ માન્યતામાંથી બહાર આવી જવું જોઇએ. હા.સંસ્થાના વિકાસમાં કે મોભામાં સંસ્થાના ભૌતિક વિકાસનું મહત્ત્વ છે, પણ સર્વસ્વ નથી. એટલે કે, સંસ્થાના વિકાસ કે મોભા કે ખ્યાતિ માટે ભૌતિક બાબતો ઉપરાંત બીજી અનેક બાબતોનું પણ અનેરું મહત્ત્વ હોય છે. ભૌતિક વિકાસ કે સગવડતાને જ પ્રાધાન્ય આપતી શાળા-કોલેજોમાં ટી.વી. સેટ, ઓડિયો સેટ, સોફા સેટ વગેરે હોય પણ વિદ્યાર્થી અને શિક્ષકો અપસેટ હોય તો ? માત્ર ભૌતિક બાબતોને જ મહત્ત્વની ગણતા આચાર્ય મિત્રો ક્યારેય વિદ્યાર્થી કે વાલીને સંતોષ નહીં આપી શકે. અરે ! એવા પણ અનેક આચાર્ય મિત્રોના કિસ્સા સાંભળ્યા છે કે, સંસ્થામાં તમામ પ્રકારની સુવિધા ઊંભી કરે, પણ વાપરવા કોઇને પણ ન દે. શાળા-કોલેજમાં ટી.વી. હોય, વી.સી.ડી. હોય પણ તે લોક એન્ડ કીમાં જ હોય. કોઇએ વાપરવાનું નહીં, કબાટમાંથી બહાર કાઢવાનું જ નહીં. અવારનવાર કબાટમાંથી બહાર કાઢવામાં આવે કે વાપરવામાં આવે તો બગડી જાય ! અરે ભાઇ, જો બગડી જવાના ડરને કારણે કોઇ વસ્તુને વાપરવાની જ ન હોય તો તે વસ્તુની શાળા-કોલેજમાં હાજરી કે ગેરહાજરીથી શું ફરક પડવાનો છે. તેનાં કરતાં તો તેવી વસ્તુ ખરીદવા માટે એકપણ

પૈસાનું રોકાણ કરવાની જરૂર નથી. હકીકતમાં તો જે વસ્તુ વપરાવાને કારણે બગડી જાય તો તેનો આનંદ હોવો જોઇએ અને બધાને જણાવવું જોઇએ કે અમે ફલાણી વસ્તુનો એટલો તો ઉપયોગ કર્યો કે તે બગડી ગઇ. વસ્તુ બગડવાના દર કે ભયથી વસ્તુ નહીં વાપરવા દેવા ટેવાયેલા આચાર્ય મિત્રો વર્ગખંડ કરતાં પોતાની ઓફિસને વધુ પ્રાધાન્ય આપે છે. આવા આચાર્ય ક્યારેય સફળ થઇ શકે નહીં. સફળતા મેળવવા સાર્વત્રિક બનવું પડે. એટલે કે, સર્વ બાબતોને ધ્યાનમાં રાખવી જોઇએ અને બધી બાબતોને સાર્વત્રિક બનાવવી જોઇએ. આચાર્ય માટે પોતાની ઓફિસ કરતાં વર્ગખંડને વધારે પ્રાધાન્ય આપવું જોઇએ. કોઇ વર્ગખંડનો પંખો ચાલુ ન હોય અને તે શાળા-કોલેજના આચાર્ય પોતાની ઓફિસમાં એ.સી. ચાલુ કરીને બેસે તો ? વર્ગખંડમાં બારીના કાચ તૂટેલા હોય અને આચાર્યની ઓફિસની બારીએ રેશમી પડદા ઝૂલતા હોય તો ? કોઇ વર્ગખંડમાં વિદ્યાર્થીને પાટલી પર બેસવાથી ખીલી ખૂંચતી હોય અને આચાર્યશ્રી ડનલોપની ગાદીવાળી ખુરશીમાં બેસતા હોય તો ? વિદ્યાર્થી માટે પીવાના પાણીની સગવડ ન હોય અને આચાર્યશ્રી માટે ઠંડા પાણીની વ્યવસ્થા હોય તો? આવા અનેક ઉદાહરણો આચાર્યની માનસિકતા કે વિચારસરણી વ્યક્ત કરે છે. આવી વિચારસરણીને વિદ્યાર્થી કે સ્ટાફનો સહકાર ક્યાંથી મળે ? બીજી બાજુ એવા આચાર્ય મિત્રો પણ છે કે જે રિસેસ સિવાયના સમયે વિદ્યાર્થીઓના બાથરૂમનો ઉપયોગ પોતાના માટે પણ કરે છે, જે મેદાનમાં દરરોજ એકાદ ચક્કર મારીને મેદાન સાફસૂફ કરવા માટે સૂચના આપે છે, વર્ગખંડમાં જઇને વિદ્યાર્થી સાથે અભ્યાસેતર ચર્ચાઓ કરીને વિદ્યાર્થીઓની મુશ્કેલી કે જરૂરિયાત જાણવાનો પ્રયત્ન કરે છે. આમ આચાર્યની હાજરી ઓફિસમાં જેટલી શોભે છે તેના કરતાં વર્ગખંડમાં વધુ શોભે છે. કોઇપણ શાળા-કોલેજમાં જાવ ત્યારે આચાર્યની ઓફિસની સજાવટથી અજાંઇ જવાની જરૂર નથી, અંજાવું જ હોય તો વર્ગખંડ જૂઓ પછી તે સારા લાગે તો અંજાઇ જજો અને આચાર્યને અભિનંદન પણ પાઠવજો. કારણ કે તે આચાર્યના મનમાં પોતાની ઓફિસ કરતાં વર્ગખંડ મહત્ત્વનો છે.

અહીં આચાર્ય માટેના બે અભિગમો પણ જણાવી દઉં. પ્રથમ અભિગમ છે " હેન્ડઝ ઓન"? જેમાં નેતા પોતે પોતાના સભ્યના કામમાં નિયમિત રીતે સક્રિય રીતે રસ લે છે. જો આ રસની માત્રા વધુ હોય તો તેવા વ્યક્તિને ચિંતાતુર અને ખલેલજનક વ્યક્તિ ગણવામાં આવે છે. આવા નેતૃત્ત્વને વધુ લોકો પસંદ કરતાં નથી. બીજો અભિગમ છે "હેન્ડઝ ઓન". જેમાં નેતા પોતે પોતાના સભ્યો પર વિશ્વાસ મૂકી, સ્વતંત્રતા આપીને તેમને યોગ્ય લાગે તેમ કરવાનું કહે છે. આવા અભિગમને વધુ લોકો પસંદ કરતા હોય છે. આમછતાં દરેક નેતાએ એ ધ્યાનમાં રાખવું જોઇએ કે, કામ કે જવાબદારીના સંદર્ભે કયો અભિગમ કેટલા પ્રમાણમાં અને ક્યારે વાપરવો.

**dr.ashokpatel@in.com**